# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

મંડળ ધ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક (૧) ૬૯/૨૦૧૬૧૭, શ્રેયાન તાંત્રિક મદદનીશ (સિનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ) (૨) જા.ક્ર. ૭૦/૨૦૧૬૧૭ **મદદનીશ ગ્રંથપાલ (૩) જા.ક્ર. ૮૧/૨૦૧૬૧૭ કેટલોગર વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ** તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાને અંતે બીજા તબક્કાની **કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય થયેલ ઉમેદવારોની બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ આગામી** તા. **૦૨/૦૧/૨૦૧૭ ના રોજ** યોજવાનું મંડળ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. **જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.** અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે. પરીક્ષાના કોલ-લેટર તા. ૨૬/૧૨/૨૦૧૬ બપોરના ૧૪-૦૦ કલાકથી તા. ૦૨/૧૨/૨૦૧૭ બપોરના ૧૫-૦૦ કલાક સુધી ઓજસની વેબસાઇટ **"https://ojas.gujarat.gov.in"** પરથી ડાઉનલોડ કરી શકાશે. જેની દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

(૧) **કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનો અભ્યાસક્રમ અને ગુણભાર**

**પરીક્ષાની તારીખ** તા. ૦૨/૦૧/૨૦૧૭ **સમયઃ** ૧૫-૦૦ થી ૧૬-૧૫

| **સમય - ૧-૧૫ કલાક** | | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૫ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૫ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૫ ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ ગુણ |
| | કુલ ગુણ | ૭૫ ગુણ |

**નોંધઃ-** જે પૈકી પ્રશ્ન ક્રમાંક- ૪ પૈકીના વર્ડ ફોર્મેટીંગ સિવાયના તમામ પ્રશ્નો માટે પ્રશ્નપત્રની હાર્ડ કોપી આપવામાં આવશે. જે (પ્રશ્નપત્ર) પરીક્ષા પૂર્ણ થયા બાદ નિરીક્ષકશ્રી ને **ફરજીયાતપણે** પરત કરવાનું રહેશે.

(૨) કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટમાં ગુજરાતી ટાઇપીંગ ગુજરાતી ઇન્ડીક ઇનપુટ - ૩ ના વર્ઝનમાં શ્રુતિ ફોન્ટમાં જ કરવાનું રહેશે. ( શ્રુતિ ફોન્ટમાં ટાઇપ કરવા માટે નીચે દર્શાવ્યા મુજબના જુદા જુદા ૮ પ્રકારના કી-બોર્ડના વિકલ્પોની સુવિધા મળશે.)

1. Gujarati Transliteration
2. Gujarati Typewriter
3. Gujarati Typewriter (G)
4. Gujarati Inscript
5. Gujarati Indica
6. Remigntan Indica

7. Special Characters.
8. Gujarati Terafont

(૩) વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) ની પરીક્ષા સોફટવેર દ્વારા ખોલી આપવામાં આવેલ વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) માં જ આપવાની રહેશે. વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) પરીક્ષામાં ઉમેદવારે કોઈ ફાઈલ બનાવવાની રહેશે નહી. એ ફાઇલ સોફટવેર દ્વારા ઓટોમેટીક બનશે. જો કોઇ ઉમેદવાર પરીક્ષાના સોફટવેર સિવાય ફાઇલ ઓપન કરી લખશે તો ઉમેદવારનું પરીણામ માન્ય ગણાશે નહી.

(૪) ઉમેદવારને કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર મંડળ તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે. ઉમેદવારને પોતાનું કી બોર્ડ લાવવાની પરવાનગી આપવામાં આવશે નહીં. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થતાં પહેલા અને પરીક્ષા ખંડમાં પ્રવેશ્યા બાદ આપને ફાળવેલ કોમ્પ્યુટર કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર બરાબર ચાલે છે તેની ખાત્રી કરી લેવાની રહેશે.

(૫) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી સમયે કોમ્પ્યુટરમાં કોઇ ટેકનીકલ ખામી જણાય તો ઉમેદવારે અન્ય ઉમેદવારને ખલેલ પહોંચાડયા વગર તેમજ પોતે કોઇ પગલાંઓ લીધા વગર પોતાનું સ્થાન જાળવી રાખીને (ઉભા થયા વગર) વર્ગ નિરીક્ષક ( ઇન્વીજીલેટર) ને જાણ કરવાની રહેશે.

(૬) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે એક જ વાર " **Log in** " થઇ શકાશે. પરીક્ષાનો સમય ૧-૧૫ કલાક પૂરો થયા પહેલા ઉમેદવાર પોતે " **Submit** " કરી દેશે. તો ફરીથી " **Log in** " થઇ શકશે નહીં. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનો સમય ૧-૧૫ કલાક બાદ સમય પૂર્ણ થવાના કારણે ટાઇપ થવાનું આપોઆપ બંધ થઇ જશે. એ સમય પહેલા જો ઉમેદવાર **Confirm / Accept** કરીને તેમનું ટાઇપ કામ સબમીટ (Submit) કરી દેશે તો તે પછી ટાઇપ કામ થઇ શકશે નહીં.

(૭) પ્રશ્નપત્રની હાર્ડકોપીના પ્રશ્ન ક્રમાંક ૧ થી ૪ અંતર્ગત તેના જવાબ માં કરવામાં આવેલ ભૂલો જેવી કે, સ્પેલીંગ / જોડણીની ભૂલ, માર્જિન સેટીંગ, ફોન્ટ સાઇઝ, ટાઇપકામ ની ભૂલ બાબતે માર્કિંગ અંગે ની કપાત, મંડળના નિર્ણય અનુસાર કરવામાં આવશે.

(૮) આખરી પરિણામ, પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તથા બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી એમ બંને કસોટીમાં ઉમેદવારે મેળવેલ સંયુકત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમાં ઉત્તીર્ણ થવા માટે લઘુત્તમ લાયકી ગુણ **(Minimum qualifying marks)** નું ધોરણ દરેક કેટેગરી ના ઉમેદવારો માટે ૪૦% (ચાલીસ ટકા) ગુણનું નિયત થયેલ છે.

(૯) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનું પરિણામ કોમ્યુટર પ્રોગ્રામીંગ આધારીત હોઇ, તેના રીચેકીંગ અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે નહિં.

**સ્થળઃ- ગાંધીનગર** **સચિવ**

**તારીખઃ- ૦૩/૧૨/૨૦૧૬** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

**ગાંધીનગર**